

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભરૂચ પ્રસ્તુત

# પમરાટ

દ્વિમાસિક સામાયિક


વર્ષ 01, અંક 01

જુલાઇ – ઓગષ્ટ, 2013

...ચાલો ફેલાવીએ સત્કાર્યની સુવાસ

**નમસ્કાર મિત્રો,**


આપણે સૌ જાણીએ છીએ કે વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાનના સમયગાળાની આપણે આપણા દેશનાં Royal Fellow Mathematician **શ્રીનિવાસ રામાનુજન**ના જન્મની ૧૨૫મી જન્મજયંતિ નિમીત્તે **'રાષ્ટ્રિય ગણિત વર્ષ'** તરીકે ઊજવણી કરેલ હતી. આ સંદર્ભે પમરાટના આ પ્રથમ અંકમાં ગણિત જેવા સંપૂર્ણ અમૂર્ત શાસ્ત્રને વિષયના વાડામાં ન બાંધતા જ્ઞાન મેળવવાના એક સાધન તરીકે માણવાનો પ્રયત્ન કરીએ.




આજે ગણિત શીખનાર મૂળ અનુભવોથી શરૂઆત કરીને નહીં પણ આજના ગણિતમાં વિકસાવવામાં આવેલ વ્યવસ્થાઓને શીખવાનો પ્રયત્ન કરે છે. એક વિદ્યાર્થી તરીકે આ રીતે ફાયદાકારક નીવડે છે, કેમ કે મર્યાદિત સમયગાળામાં કેટકેટલી સદીઓની મહેનતના અંતે પ્રાપ્ત અનુભવજન્ય જ્ઞાનને માણવાનો, જાણવાનો આનંદ માણી શકે છે. પણ, ગણિતને તેના પરીવેશમાં સીધે-સીધું જાણવું મુશ્કેલ બને છે. આથી તેના અમૂર્ત ખ્યાલો કે વિચારોનું મૂર્તીકરણ કરવું જરૂરી બને છે. આ મૂર્તીકરણની પ્રક્રિયામાં ઘણીબધી રીતો તેમજ સાધન-સામગ્રીનો ઉપયોગ વર્ગખંડમાં કરવામાં આવે છે. આવી જ એક low cost – no cost material ધરાવતી કાગળ કરામતની રીત **ઓરીગામી**ની મદદથી ગણિતની અમૂર્ત વિભાવનાઓને જાણવાનો પ્રયત્ન કરીશું.

મિત્રો, ફક્ત એક કાગળની મદદથી આપણે ભૂમિતિમાં ખૂણાઓના માપન માટે વપરાતા કોણમાપકની રચના કરીશું. જેની મદદથી જાણીતા માપ જેવાકે 90°, 60° અને 30° સરળતાથી માપી શકીશું.

- સૌ પ્રથમ એક ચોરસ કાગળને વચ્ચેથી વાળી ગડી પાડો. – જુઓ આકૃતિ (૧)
- કાગળના 'B' છેડાને પકડી વચ્ચેની ગડી સુધી ખૂણા 'A' થી વાળો. – જુઓ આકૃતિ (૨)
- કાગળના 'C' છેડાને પકડી ખૂણા 'A' થી આકૃતિમાં દર્શાવ્યા મુજબ વાળો. – જુઓ આકૃતિ (૩)
- કાગળને ખોલતા આપણને ખૂણા 'A' થી બે અલગ ગડીઓ જોવા મળશે. – જુઓ આકૃતિ (૪)
- જેમાં $\angle CAB = 90°$, $\angle XAB = 60°$ અને $\angle YAB = 30°$ થશે. – જુઓ આકૃતિ (૫)




આકૃતિ (૧) આકૃતિ (૨) આકૃતિ (૩) આકૃતિ (૪) આકૃતિ (૫)

શિક્ષકમિત્રોને અનુરોધ કે ઉપરોક્ત પ્રવૃત્તિ વર્ગખંડમાં કરાવી વાસ્તવિક જીવનમાં ખૂણાના માપનમાં તેનો ઉપયોગ કરાવશો. આ અંગે આપના અનુભવો તેમજ સૂચનો પમરાટને મોકલાવશો.

- નીતિન જે. દલવાડી, સિ.લે., જિ.શિ.તા.ભ., ભરૂચ

રેવાતટે પ્રસ્થાપિત અને કબીરવડની જેમ વિસ્તરવાની આકાંક્ષા ધરાવતા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભરૂચ તેના સાતમા સ્થાપના દિને શિક્ષણક્ષેત્રમાં થતા સત્કાર્યોની સુવાસ ફેલાવવાના એક પ્રયાસરૂપે પમરાટનો પ્રથમ અંક પ્રકાશિત કરતા આનંદની લાગણી અનુભવે છે. આપના સાથ સહકારની રાહે ઉત્તરોત્તર નિતનવીન પ્રવૃત્તિઓ, પ્રયોગો, કાર્યો તેમજ પ્રામાણિક પ્રતિભાવોથી પમરાટના આગામી અંકો સુશોભિત રહે તેવી અપેક્ષાએ...

**।। नमामी देवी नर्मदे ।।**

- પ્રાચાર્ય



## ।। एतद् अपि भवति ।।

**'સિદ્ધિ તણાં મૂળ મહીં થાય જો ઝીણી તપાસ**
**સ્વમૂલ્યાંકનની કૂંચી વડે બધી દુર થશે કચાસ.'**

વ્યક્તિ, સંસ્થા, ચોક્કસ સમુદાય કે પછી સમાજ સિદ્ધિના સોપાન સર કરી અલગ ઓળખ પ્રસ્થાપિત કરે અને માર્ગદર્શકની ભૂમિકા અદા કરવાની દિશામાં સક્ષમ અને ક્ષમતાવાન હોવાની ગર્વભેર અનુભૂતિ કરાવે ત્યારે સ્વાભાવિક રીતે જ એની ઉપલબ્ધિ પાછળના કારણો તપાસવાનું મન થાય.

કેરાલાની શૈક્ષણિક સફરમાં પ્રાથમિક શાળાઓની મુલાકાત દરમ્યાન એક શાળામાં પ્રવેશતાં જ મન પ્રફુલ્લિત થયું. બાહ્ય પર્યાવરણ રમણિય હતું. વર્ગખંડમાં ડોકીયું કર્યુ તો આજુબાજુ બાળદેવોથી વીંટળાઇને વચ્ચે બેઠેલા શિક્ષક સાથે પ્રશ્ન-ઉત્તરની પ્રક્રિયા સહજ રીતે ચાલતી જોવા મળી. બધા બાળકોની સાથે બેસી એક બાળક ચિત્રકામની અલગ પ્રવૃત્તિ જાતે કર્યા કરતો જોવા મળ્યો. શિક્ષક સાથેની ચર્ચામાં બાળક એમ.આર. હોવાનું જાણવા મળ્યું. પણ શિક્ષકના પ્રેમાળ હાથથી સંવર્ધન પામેલ બાળક પ્રવૃત્તિમાં તન્મય હતો. આનંદ થયો, મને થયું, લાવ જરા પુસ્તકીયું જ્ઞાન ચકાસું!! પરિણામ ૯૦ ટકા બાળકો A+ માં હતા, આવું સરસ પરિણામ મેળવવા અપનાવેલી કાર્યશૈલી જાણી મને થયું આ બાબતનો પ્રચાર-પ્રસાર થવો જોઇએ.

- આ શાળાના દરેક શિક્ષક અન્ય દરેક શિક્ષકનો એક સદગુણ અને એક દુર્ગુણ સ્ટાફરૂમમાં એકબીજાને કાપલીમાં લેખિત સ્વરૂપે આપે છે. દરેક શિક્ષક સદગુણનું સંવર્ધન કરે અને દુર્ગુણનું નિંદામણ કરે. આવી કસરત દર માસના અંતિમ શનિવારે શાળા છુટયા બાદ અલગ એક કલાક સમય ફાળવી કરવામાં આવે છે. દરેક શિક્ષક સતત સ્વમૂલ્યાંકન કરી જ્યાં છે ત્યાંથી આગળ વધવા શું કરીએ? તેનું ચિંતન કરી આગળ વધે છે.
- બાળકોનું સતત મૂલ્યાંકન વાસ્તવિક રીતે કરી વિદ્યાર્થીના અલગ રેકોર્ડ બનાવે છે તથા જરૂરી ઉપચારાત્મક કાર્ય સતત ચાલુ રાખે છે. તેની ડોક્યુમેન્ટ ફાઇલ અલગ રીતે બનાવાય છે.
- દરેક શિક્ષક પાસે પોતાનું માસિક પ્લાનીંગ જોવા મળ્યું. શું કરવું? કેવી રીતે કરવું? કોની મદદ લેવી? શું સિદ્ધિ થશે? આ બધી બાબતોનો વિચાર આમાં જોવા મળે.
- શાળાના આચાર્ય ટીમનું સંકલન એટલી કાળજી પૂર્વક કરે કે ક્યાંય તિરાડના દેખાય.
- દર માસે બાળકોની શક્તિને પ્રદર્શિત કરવાની તક પુરી પાડવા વિવિધ પ્રવૃત્તિઓ, કાર્યક્રમોનું આયોજન થાય, જેમા બાળક દ્વારા રજુ થયેલ બાબતનું સારું-નરસું પાસું તપાસી યોગ્ય સૂચન કરી સતત હકારાત્મક દ્રષ્ટીકોણથી તેનો સ્વીકાર થાય.

આવો આપણે પણ આવું જ કંઇક અનોખું આપણી સંસ્થા તથા બાળદેવો માટે કરીએ, નવો પથ પાથરીએ, જેના પર જનાર સૌ ગુણવત્તાયુક્ત જીવનશૈલીના અવસરો ઉજવે.

**- વાય. કે. પટેલ, પ્રાચાર્ય, જિ.શિ.તા.ભ., ભરૂચ.**

## મારી મુલાકાતી પ્રજ્ઞા શાળા

પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવાનાં શુભ આશયથી માનનીય જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ અને અંકલેશ્વર નગરસેવા સદન હસ્તકની કુમાર બ્રાન્ચ શાળા નંબર - ૧ અને જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, ભરૂચ હસ્તકની પ્રાથમિક શાળા, નવા તરિયાની શુભેચ્છા મુલાકાત સાથે બંને શાળામાં શિક્ષણની ગુણવત્તા સુધારવાની કામગીરી સોંપવામાં આવેલ છે.


આ બંને શાળા પૈકી પ્રાથમિક શાળા, નવા તરીયામાં સર્વ શિક્ષા અભિયાન, ગાંધીનગર ધ્વારા પ્રજ્ઞાવર્ગની ફાળવણી કરવામાં આવેલ છે. પ્રજ્ઞા એટલે પ્રવૃત્તિ ધ્વારા જ્ઞાન, આ યુક્તિ સાર્થક કરવા માટે આ ચારેય શિક્ષકો તન અને મનથી બાળકોની વચ્ચે બેસીને ટૂકડી પ્રમાણે શૈક્ષણિક કાર્ય કરાવે છે. આ શાળામાં પ્રજ્ઞા અભિગમને સાચા હૃદયથી પચાવવામાં આવેલ હોય એમ લાગેલ છે.

મે આ શાળાની સાતવાર મુલાકાત લીધેલ છે. પ્રત્યેક મુલાકાત દરમ્યાન પ્રજ્ઞાવર્ગ સાથે સંકળાયેલ શિક્ષકો સાથે વ્યક્તિગત ચર્ચા પણ કરેલ છે. શિક્ષકોના પ્રજ્ઞા અભિગમ પ્રત્યેના હકારાત્મક વલણનું પ્રતિબિંબ જે તે ધોરણના બાળકોમાં જોવા મળેલ છે. તેઓની વાચન, લેખન, ગણનની ક્ષમતાઓની સિદ્ધિમાં સુધારો જોવા મળેલ છે. અહીં શિક્ષકોની ભૂમિકા માર્ગદર્શક તરીકેની જોવા મળેલ છે. પ્રત્યેક પ્રજ્ઞાવર્ગ રેક, છાબડી, માઇલસ્ટોન ચાર્ટસ્ તેમજ અન્ય અધ્યયન સામગ્રીથી સુશોભિત જોવા મળે છે. જો પ્રત્યેક શાળામાં બાળકો આ જ રીતે પ્રવૃત્તિઓ ધ્વારા શીખતા રહે તો આવનારા સમયમાં વાચન, લેખન, ગણન માટે અભિયાનો કરવા ના પડે. નવા તરીયા શાળાને આવા અસરકારક પ્રયાસ માટે અભિનંદન.

**- પી. બી. પટેલ, અધ્યાપક, જિ.શિ.તા.ભ., ભરૂચ.**

**Either be silent or say things that are more worth than silence. - Leo Tolstoy**

# Karl Heinrich Marx



| | | |
|---|---|---|
| **Born** | : | 5 May 1818<br>at Trier, Kingdom of Prussia, German Confederation |
| **Died** | : | 14 March 1883 (aged 64), London, U.K. |
| **Nationality** | : | German |
| **Era** | : | 19th-century philosophy |
| **Region** | : | Western Philosophy, German philosophy |
| **Religion** | : | Protestantism; later, none (atheist) |
| **Main interests** | : | Politics, economics, philosophy, sociology, labour, history, class struggle, natural sciences. |
| **Notable ideas** | : | Co-founder of Marxism (with Engels), surplus value, contributions to the labor theory of value, class struggle, alienation and exploitation of the worker, The Communist Manifesto, Das Kapital, materialist conception of history |
| **Influenced by** | : | Hegel, Feuerbach, Spinoza, Proudhon, Stirner, Smith, Voltaire, Ricardo, Vico, Robespierre, Rousseau, Shakespeare, Goethe, Helvetius, d'Holbach, Liebig,Darwin, Fourier, Hess, Aristotle. |
| **Influenced** | : | Lenin, Stalin, Trotsky, Mao, Tito, Kim il-sung, Kim Jong-il, Hoxha, Castro, Guevara, Ho, Sartre, Simone de Beauvoir, Luxemburg, Lukács, Gramsci, Korsch, Bloch, Kropotkin, Bakunin, Marcuse, Deleuze, Debord, Negri, Taussig, Roy, Laclau, Bourdieu, Schumpeter, Habash, Aflaq, Newton. |

**- Information by Mr. V. M. Baldaniya, Lecturer (IFIC), DIET, Bharuch.**

## 'સ્વ' ની ઓળખ

**- સંકલન: ધર્મેન્દ્ર વસાવા, વ્યાખ્યાતા, ડાયટ, ભરૂચ.**

'સ્વ' મનોવિજ્ઞાન તેમજ રોજીંદા જીવનમાં બહોળા પ્રમાણમાં વપરોતો શબ્દ છે. તમે સૌ સહમત થશો કે આપણે પોતાના 'સ્વ' વિશે વિચાર કરવામાં ઘણો સમય વિતાવીએ છીએ. આપણે આપણા 'સ્વ' સાથે જોડાયેલા અનુભવો, ખ્યાલો તથા વાસ્તવિક કે કાલ્પનિક વિચારોમાં મગ્ન રહીએ છીએ. એટલે કે બધી જ માનવીય ક્રિયાઓનું કેન્દ્ર 'સ્વ' છે. તમે પણ પોતાના 'સ્વ' વિશે કેટલીક ધારણાઓ, અનુમાનો કે માન્યતા વિકસાવી હશે. તો ચાલો તેને જાણવા માટે એક પ્રવૃત્તિ કરીએ. તમારે નીચેના વાક્યો પૂરા કરવાનાં છે. જેમાં 'હું' થી શરૂ કરીને 'છું' થી વાક્ય પૂર્ણ કરવાનું છે. દરેક વાક્યમાં તમારે પોતાનું વિવરણ કરવાનું છે.

હું_______________________________________________છું

હું_______________________________________________છું


હું_______________________________________________છું

હું_______________________________________________છું

હું_______________________________________________છું

હું_______________________________________________છું

હું_______________________________________________છું



તમને આ પ્રવૃત્તિ કેવી લાગી? તમને ચોક્કસ અનુભવ થયો હશે કે આ સરળ કાર્ય નહતું. તમે આ કાર્ય પૂર્ણ કરતી વખતે તમે પોતાને સંબોધિત કરી રહ્યા હતા. તમે પોતાની જાતને પોતાની અલગ રીતે રાખીને કાર્ય કરતા હતા.


એવું જોવા મળ્યું છે કે લગભગ ૨ વર્ષની ઉંમર સુધીમાં બાળક સ્વ સાથે જોડાયેલ કેટલાક સરળ પ્રકારના વિચારોની અભિવ્યક્તિ કરવા લાગે છે. શરૂઆતમાં બાળક પોતાના સ્વ વિશે માતા-પિતા, મિત્રો તથા અન્ય સંપર્કમાં આવતી વ્યક્તિઓ ધ્વારા જાણે છે. આ લોકો સાથેની સામાજિક આંતરક્રિયા સ્વના અનુભવને આધાર આપે છે. એટલે કે સમાજમાં બીજા લોકોના અનુભવોના આધારે આપણા સ્વની સંરચનામાં પરિવર્તન સંભવ છે. (સંદર્ભ: મનોવિજ્ઞાન કા પરિચય-ભાગ ૨, એન.સી.ટી.ઇ., ન્યુ દિલ્હી)

**The most important thing in communication is hearing what isn't said. - Drucker**

# પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તાયુક્ત શિક્ષણની વર્તમાન આવશ્યકતા

વર્તમાન સમયમાં શિક્ષણની માંગ અને પુરવઠાની જરૂરિયાત સાપેક્ષ રૂપે તફાવતયુક્ત છે. પ્રાથમિક શિક્ષણની સાર્વત્રિકતા અને બંધારણિય અધિકાર તરીકે સ્વીકાર પામેલ છે, ત્યારે તેની ગુણવત્તા સાંપ્રત પરિસ્થિતી પ્રમાણે જળવાય રહે તે ખૂબ જરૂરી છે. પ્રાથમિક શિક્ષણ ખાનગી અને જાહેર શાળા વચ્ચેની સરખામણી કરતા ખાનગી પ્રાથમિક શાળાઓ આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને બાળકોના ભવિષ્યનો વિકાસ કરી રહી છે, ત્યારે સરકારી શાળાઓ પણ પ્રાપ્ય સાધન-વ્યવસ્થા વડે ટેક્નોલોજીનો ઉપયોગ કરીને શાળાકીય શિક્ષણની ગુણવત્તામાં સુધારો લાવી શકે છે.

સરકારની યોજનાઓ અનુસાર પ્રાથમિક શાળાઓને ટેક્નોલોજીના ઉપયોગ માટે સાધનિક, નાણાંકીય અને માનવીય સવલતો આપવામાં આવે છે, આ સવલતોનો કેટલો ઉપયોગ થાય છે, તેનાં ઉપયોગમાં કેવી મર્યાદાઓ રહેવા પામી છે, તે બાબત સંશોધનનો વિષય બની રહે છે. સામાન્ય રીતે ટેક્નોલોજીના વપરાશ અને ઉપયોગમાં ગ્રામ્ય વિસ્તારની કેટલીક મર્યાદાઓ સામે આવેલી છે.




ભારતની પ્રવર્તમાન શિક્ષણ પ્રણાલી તરફ ખાસ કરીને પ્રાથમિક શાળા ક્ષેત્રમાં કોઇ દ્રષ્ટીપાત કરે તો તે જોઇ શકશે કે શિક્ષણનું આ ક્ષેત્ર એક બાજુ વૈશ્વિકરણ અને બીજી બાજુ વધતી જતી મહત્વકાંક્ષાઓના સંદર્ભમાં સ્વરૂપાંતરણ તરફ ઝડપી ગતિ કરી રહ્યું છે. તમામ કક્ષાએ પ્રાથમિક શિક્ષણના અસાધારણ વિસ્તરણ સાથે ગુણવત્તાના શિક્ષણની બાબત મુખ્ય પડકાર બની રહે છે.

**શિક્ષણની ગુણવત્તાનો ખ્યાલ:**

માનવજીવનના ઇતિહાસમાં કંઇક નવી ખોજ એ બાબત ગુણવત્તાનો આગ્રહ દર્શાવે છે. શિક્ષણ સહિત તમામ ક્ષેત્રમાં ગુણવત્તાનો ખ્યાલ આજે ખૂબ જ પ્રચલિત બન્યો છે. પ્રાથમિક શિક્ષણ પાયાનું શિક્ષણ હોવાથી આ ક્ષેત્રમાં ગુણવત્તાયુક્ત શિક્ષણની વર્તમાન આવશ્યકતાની જરૂરીયાત છે. *શિક્ષણની ગુણવત્તા એટલે ઉત્કૃષ્ટતાની માત્રા કે ઉચ્ચકક્ષાએ બાબત ફલિત થાય છે.* (ઓક્સફર્ડ ઇગ્લિંશ ડિક્ષનરી, 1970)

*ગુણવત્તાનો ખ્યાલ ગતિશીલ ખ્યાલ છે. તેની ચોક્કસ વ્યાખ્યાઓ સવિશેષ સહાયરૂપ બને તેમ નથી. આમ છતા તેના વિવિધ અર્થોની હારમાળ ગુચવાડો ઊભો કરે છે.* (સેબિસ, 1996)

ગુણવત્તા એ વિધાયક વિભાવના છે. તેનો અર્થ એ છે કે જે વિદ્યાર્થીજીવન જીવે છે તેની ફળશ્રુતિ કેટલીક ઉપયોગી અને મૂલ્યવાન બાબત છે. જે માત્ર ખામીઓની ગેરહાજરી દર્શાવે છે.

ગુણવત્તાનો આ પ્રશ્ન સેવાના ક્ષેત્રમાં વધુ અટપટો બને છે. શિક્ષણમાં ગુણવત્તાના માપદંડો સમયપાલન અથવા સમયબદ્ધતા, સૌજન્ય, વિનય કે વિવેક, શિષ્ટાચાર, ઝડપ, ચોકસાઇ, વગેરે ગુણોનો વિકાસ વિદ્યાર્થીઓમાં થાય તે જરૂરી છે. શિક્ષણમાં ગુણવત્તાનું કેન્દ્રબિન્દુ વિદ્યાર્થીઓની આસપાસ હોય છે. ગુણવત્તા વિશે એક અર્ધશિક્ષિત માતાનું વિધાન મને યાદ આવે છે. એક મિત્રને શિક્ષણની સર્વોચ્ચ ડિગ્રી (પી.એચ.ડી.) પ્રાપ્ત થાય છે. તેનો મિત્ર તેની માતાને આ સમાચાર જણાવે છે ત્યારે માતાએ જવાબ આપ્યો, "હા તે ડૉક્ટર થયો છે. પરંતુ યોગ્ય માનવ નહિ." તો માતાના શબ્દો માનવ બનવા માટેના ગુણોનો અભાવ તરફ અંગુલીનિર્દેશ કરે છે. જેવા કે સહકાર, જવાબદારીઓની ભાગીદારી, અન્ય પ્રત્યેની ફરજ-કાળજી વગેરે ગુણવત્તાનો ખ્યાલ ગતિશીલ હોવા સાથે સાપેક્ષ છે. વિદ્યાર્થીની ગુણવત્તાના માપદંડનો આધાર મા-બાપ, સમાજ, કુટુંબ વગેરેના દ્રષ્ટીબિન્દુ પર આધાર રાખે છે.

ગુણવત્તા એટલે શિક્ષણના ક્ષેત્રમાં બાળકોની અપેક્ષાઓને પહોંચી વળવું તેમજ સર્વાંગી વિકાસ સાથે પૂર્ણ માનવ બનવાની પ્રક્રિયા કરવી તે. આંકડાશાસ્ત્રીય ગુણવત્તા નિયંત્રણ પ્રવિધિઓના વિકાસ ધ્વારા વિદ્યાર્થીની ગુણવત્તાને માપી શકાય છે. તે ગુણવત્તા નક્કિ કરવા માટેનું એક વૈકલ્પિક સ્વરૂપ છે ગુણવત્તાની ખાતરી. શિક્ષણમાં એવી વ્યૂહરચના અપનાવવામાં આવે કે તેના ધ્વારા વિદ્યાર્થીની ગુણવત્તા સિદ્ધ કરી શકાય. સમગ્ર શિક્ષણ પ્રક્રિયામાં પ્રાથમિક શિક્ષણ એ પાયાનું શિક્ષણ બને છે. જેવો પાયો તેવી ઇમારત એ બાબત શિક્ષણની ગુણવત્તા માટેની આવશ્યક્તા બતાવે છે.

**- રેખા આર. સેજલિયા, સિ.લે. (પી.એન્ડ એમ.), ડાયટ, ભરૂચ.**

**If you train hard, you'll not only be hard, you'll be hard to beat. - Herschel Walker**

# શિક્ષણમાં ગુણવત્તા એટલે...

અવ્યક્ત ગુણોને ખિલવી શકે અને અવ્યક્ત શક્તિને જાગૃત કરી કાર્યમાં જોડી શકે તેનું નામ જ શિક્ષણ.એ આપણે સૌ જાણીએ જ છીએ, વર્તમાન સમયે આ શિક્ષણને ગુણવત્તાયુક્ત બનાવવાના પ્રયત્નો આપણે સૌ સાથે મળી કરી રહ્યા છીએ ત્યારે શિક્ષણમાં ગુણવત્તા એટલે શું એ સમજવું જરૂરી છે.

સામાન્ય રીતે આપણે વારંવાર વ્યાવહારિક વાતોમાં ગુણવત્તા શબ્દનો ઉલ્લેખ કરતાં હોઇએ છીએ પરંતુ આપણે ક્યારેય ગુણવત્તા શબ્દને વ્યાપક સંદર્ભમાં સમજવાનો પ્રયત્ન કર્યો છે ખરો? આપણે જે વ્યવસાય સાથે જોડાયેલા છીએ તે વ્યવસાયને સાચો ન્યાય ત્યારે જ આપી શકીએ જ્યારે આપણે તેના મૂળભૂત ખ્યાલો અને સિધ્ધાંતો ને સમજવાનો પ્રયત્ન કરીએ.ચાલો આજે સૌ સાથે મળી આપણા વ્યવસાયને ગુણવત્તાયુક્ત બનાવવા પ્રયત્ન કરીએ.

**શિક્ષણમાં ગુણવત્તા એટલે શું?**

દિલ્લીમાં યોજાયેલી એક આંતરરાષ્ટ્રીય પરિષદના પૂર્વાવલોકન અંગેના દૂરદર્શનના 04/11/93ના કાર્યક્રમમાં ડો.રવિન્દ્ર દવે એ શિક્ષણમાં ગુણવત્તાનો અર્થ સમજાવતાં કહ્યું હતું કે

*'શિક્ષણમાં ગુણવત્તા એટલે ...*

*1.જીવન સાથે સુસંગત શિક્ષણ.*

*2.જ્ઞાનાત્મક, ભાવાત્મક અને ક્રિયાત્મક પાસાઓના સમતોલ વિકાસને તાકતું શિક્ષણ.*

*3.પારંગતતાવાળું શિક્ષણ.'*




શિક્ષણની સેવાના ગ્રાહકો એવાં વિદ્યાર્થીઓ, શિક્ષણની અનુગામી કક્ષા, વાલીઓ, વિદ્યાર્થીઓને કામે રાખનારાઓ તથા સમગ્ર સમાજની અપેક્ષાઓને સંતોષવાની વિદ્યાર્થીઓના અધ્યયનની ક્ષમતા એટલે શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા.

શિક્ષણની ગુણવત્તાના અર્થમાં કાર્યક્ષમતા અને અસરકારકતા બંનેનો સમાવેશ થાય છે. શિક્ષણ એ બે-ધ્રુવીય પ્રક્રિયા હોય શિક્ષક અને વિદ્યાર્થી બંનેની કાર્યક્ષમતા વિષે વિચાર કરવો પડશે. શિક્ષણની પ્રક્રિયાનો મુખ્ય ધ્રુવ તો વિદ્યાર્થી જ છે. શિક્ષક જે કંઇ કરે છે તે આખરે તો વિદ્યાર્થી માટે જ છે, વર્ગખંડમાં શિક્ષણ અસરકારક ત્યારે જ બને જ્યારે શિક્ષકની પધ્ધતિ અધ્યેતાકેન્દ્રી હોય.

આપણે 'બાળકોની મૂછાળી મા' ગિજુભાઇને વારંવાર યાદ કરીએ છીએ, 'તારે જમીં પર' ફિલ્મ જોઇ તેની પ્રશંસા પણ કરીએ છીએ, 'થ્રી ઇડીયટસ' પિકચર જોયા પછી જાણે જીવનનું સત્ય સમજાય જાય છે પરંતુ વર્ગમાં જઇએ ત્યારે આ બધું ભૂલી જઇએ છીએ. જ્યાં સુધી આપણે વર્ગમાં બાળમનોવિજ્ઞાન સમજીને કાર્ય નહી કરીએ ત્યાં સુધી ગુણવત્તા લાવી શકાશે નહીં.

ગુણવત્તા ઓછી હોવાના કારણોઃ

- પ્રાથમિક શિક્ષણનો નબળો પાયો
- વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર (PTR) જળવાતો નથી.
- પરીક્ષાઓમાં ગેરરીતિ.
- ખૂટતાં શિક્ષકોનો અભાવ.
- શિક્ષણની તાલીમ અને સંશોધનના અમલીકરણમાં ખામી.
- શૈક્ષણિક સંસ્થાઓમાં હાનિકારક સંઘર્ષ.
- શિક્ષકોને અભ્યાસેત્તર કામગીરીમાં સામેલ કરવા.
- મોનીટરીંગ સિસ્ટમની ખામી.
- ગુણવત્તાયુક્ત સંચાલનનો અભાવ
- **શિક્ષકમાં નિષ્ઠાનો અભાવ.**

અંતીમ એક પરિબળ સક્ષમ હોય તો ઉપરોક્ત એક પણ કારણ ગુણવત્તાને અસર કરી શકે નહી.

શિક્ષણમાં ગુણવત્તા સુધારણાના ઉકેલઃ

1. સમગ્ર રાષ્ટ્રની ગુણવત્તાનો આધાર તે રાષ્ટ્રની શિક્ષણ વ્યવસ્થા પર છે. અને રાષ્ટ્રની શિક્ષણ વ્યવસ્થાનો આધાર તે રાષ્ટ્રના શિક્ષકો પર છે. જ્યારે શિક્ષકો પર રાષ્ટ્ર નિર્માણની આટલી મોટી જવાબદારી હોય ત્યારે શિક્ષણ ગુણવત્તાની સૌથી વધુ જવાબાદારી શિક્ષકો પર છે. જે રાષ્ટ્રનો શિક્ષક નિષ્ઠાવાન, પ્રાણવાન હોય તે રાષ્ટ્રની ગુણવત્તા ઉચી હોય છે. તેથી શિક્ષકે પ્રાણવાન બનવુ પડશે.
2. શિક્ષણ સમાજની માંગ પૂર્ણ કરે છે અને સમાજ શિક્ષણની જરૂરિયાતો સંતોષે છે. તે સંદર્ભમાં સમાજના દરેક ઘટકો શિક્ષણની ગુણવત્તાને અસર કરે છે. તેથી શિક્ષકની ગુણવત્તા સુધારવા શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલ લોકો પણ મૂલ્યસભર હોય તે જરૂરી છે.
3. વર્ગખંડમાં બેઠેલા પ્રત્યેક વિદ્યાર્થીમાં વ્યક્તિગત ભિન્નતા હોય છે. વિદ્યાર્થીમાં રહેલી ક્ષમતા, યોગ્યતા, અભિરૂચીઓ વગેરેના આધારે શિક્ષણની પધ્ધતિઓ, પ્રયુક્તિઓ, જરૂરિયાતો વગેરે ધ્યાનમાં લઇ શિક્ષણ આપવું જોઇએ.

ચાલો આપણે સૌ સાથે મળી શિક્ષણની ગુણવત્તા સુધારવાના પ્રયત્નો કરીએ.

**સંદર્ભઃ**

Buch, M. B. (ED). *fourth survey of research in education.* New Delhi: NCERT.

જોશી ભ. અને વ્યાસ જ. (2006) શિક્ષણમાં ગુણવત્તા સુધારણાઃ અર્થ અને ઉકેલ. *શિક્ષણાયન, 48 - 52.*

**- ડૉ. પ્રીતિ પી. ભટ્ટ, સિ.લે., ડાયટ, ભરૂચ.**

**Everyone has his burden. What counts is how you carry it. - Merie Miller**

District Institute of Education and Training

Nr. Manan Ashram,
At & Post. Zadeshwar,
Ta. & Dist. - Bharuch.
Gujarat. (India)

-: પ્રતિભાવ આવકાર્ય :-
Phone:
02642-231025
E-mail:
diet_bharuch@yahoo.co.in
Website:
www.dietbharuch.org

॥ नर्मदा तु ज्ञानदा ॥
જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભરૂચ

## સૂર્યમૂખી અને સૂર્ય સાથેનો સંબંધ: એક વૈજ્ઞાનિક અનુબંધ



જાણીતી વાત છે કે સૂર્યમૂખીનું ફુલ હંમેશા સૂર્ય તરફ તકાયેલું રહે છે. સૂર્ય તરફ ફર્યા કરવાના ગુણધર્મને વનસ્પતિશાસ્ત્રના જાણકારો ફોટોટ્રોપિઝમ (phototropism) કહે છે. સૂર્યમૂખીના છોડમાં પ્રકાશના કિરણો પ્રત્યે સંવેદનશીલ એવુ ખાસ હોર્મોન છે, જે ઓક્સિન તરીકે ઓળખાય છે. દાંડી પર માત્ર છાંયડાના ભાગમાં તે રસાયણ એકઠું થાય છે અને ત્યાંના કોષોને પ્રમાણમાં લાંબા બનાવે છે. આથી, ફૂલ વિરૂદ્ધ દિશામાં એટલે કે સૂર્ય તરફ આપોઆપ વળે છે. સૂર્યની બદલાતી દિશા અનુશાર દાંડીની પાછળની બાજુ પર છાંયડો જેમ ખસે તેમ ઓક્સિન પણ તેનું સ્થાન બદલ્યા વિના રહેતુ નથી. પરિણામે સૂર્યમૂખીના ફૂલનું મુખ હંમેશા સૂર્ય તરફ જ રહે છે. (સાભાર: મેથેમેજિક યુરેનસ, લુક્સ)

**- પી.બી.પટેલ,અધ્યાપક, જિ.શિ.તા.ભ., ભરૂચ**

માર્ગદર્શન : **શ્રી યોગેશભાઇ કે. પટેલ, પ્રાચાર્ય, જિ.શિ.તા.ભ., ભરૂચ.**
સંપાદન : **શ્રીમતી પ્રીતિબેન પી. ભટ્ટ, સિ.લે., જિ.શિ.તા.ભ., ભરૂચ.**
ડિઝાઇન : **શ્રી નીતિન જે. દલવાડી, સિ.લે., જિ.શિ.તા.ભ., ભરૂચ.**
(નોંધ: અહીં પ્રકાશિત તમામ લખાણમાંના વિચારો જે તે લેખકને આધિન છે.)

## પ્રાર્થના કરવાની રીત - ઓશો

પ્રાર્થના તો ખુલ્લા આંખે અને ખુલ્લા હૃદયે આ જગતમાં જે મહા ઉત્સવ ચાલી રહ્યો છે તેની સાથે સંમિલિત થઇ જવાનું નામ છે. વૃક્ષ લીલા છે તો તમે પણ લીલા થઇ જાવ એટલે પ્રાર્થના થઇ ગઇ. ફૂલ ખીલ્યાં છે તો તમે પણ ખીલી જાઓએટલે પ્રાર્થના થઇ ગઇ. હવા નાચી રહી છે તો તમે પણ નાચો એટલે પ્રાર્થના થઇ ગઇ.



પ્રાર્થનાનો કોઇ ઢંગ નથી. તેમ નથી રૂપ આકાર કે વ્યવસ્થા. પ્રાર્થના તો મસ્તી છે. કેફ છે અને દિવાનાપણું છે. પ્રાર્થના તો પરમાત્માનો શરાબ પી લીધાનું નામ છે. પ્રાર્થના એટલે તમારૂં ભિક્ષાપાત્ર અસ્તિત્વની સામે ફેલાવી દેવું. પ્રાર્થના એટલે તમારા પાલવને ચાંદ-તારાની સામે ફેલાવી દેવો.

પ્રાર્થના એક ભાવદશા છે. કોઇ વક્તવ્ય નથી. હરે કૃષ્ણ, હરે રામ એમ કહેવાથી કાંઇ પ્રાર્થના થતી નથી. પ્રાર્થના તો મૌન નિવેદન છે. પ્રાર્થના ઝૂકવાની કળા છે. પ્રાર્થના તો અંતરનવની વાત છે. કદાચ આંસુ ટપકે કે કદાચ ગીત ફૂટી નિકળે - કોણ જાણે! કે કદાચ નાચી ઊઠો અથવા વાંસળી વગાડવા માંડો - કોણ જાણે! અથવા મૌન થઇ જાઓ કે હંમેશને માટે વાચા લૂપ્ત થઇ જાઓ - કોણ જાણે!

પ્રાર્થના તો હૃદયનો બહાવ છે. સૌંદર્ય પ્રત્યે સંવેદનાને દોરી જાઓ, પછી પ્રાર્થના પોતાની મેળે પેદા થશે. ઝરણાઓનું, વૃક્ષોમાંથી પસાર થઇ રહેલી હવાઓનું અથવા કોઇ વીણાવાદકનું વીણા ઉપરનું ગીત સાંભળો. સવારના પક્ષીઓનું અથવા તો રાતના સન્નાટામાં તમરાનું સંગીત સાંભળો. વૃક્ષો, ચાંદ-તારા, પશુ-પંખી કે મનુષ્યનું સૌંદર્ય નિરખો. જ્યાં જ્યાં તમને સંગીતનો, લયબધ્ધતાનો, રસમયતાનો અહેસાસ થાય ત્યાં ત્યાં તમારા હૃદયને ઉઘાડીને બેસી જાઓ. તે જ મંદિર છે અને તે જ તીર્થ છે. ધીરે ધીરે પ્રાર્થનાનો સ્વાદ લાગી જશે.

સવેદાન્સીલાતાંની જેતલી ઊંડાઈ વધશે લેલ્લા પ્રમાણમાં પ્રાર્થનાનો અનુભવ થશે. આ રીતે પ્રાર્થના ફૂટશે ત્યારે તે પ્રાર્થના તમારી હસે. તેના ઉપર ફક્ત તમારા જ હસ્તાક્ષર હશે. ઈશ્વર સુધી તે જ પ્રાર્થના પહોંચે છે જે નીજી છે. અને પોતાની છે.

**(સાભાર...'શાંત તોમાર છંદ'. રમેશ સંઘવી, રમણીક સોમેશ્વર.)**

**સંકલન - શ્રી જે.સી.વાસદીયા,અધ્યાપક, જિ.શિ.તા.ભ., ભરૂચ**

**Defeat is not defeat unless accepted as a reality in your own mind. - Bruce Lee**